Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૯૧ વીર સં. (ચાલુ) ૨૫૧૨
વિક્રમ સંવત ૨૦૪૨ ભાદરવો

## 'જય મહાવીર'

લે. માણેકચન્દ રાનપુરિયા

આત્મા કા કુછ નાશ નહોતા, યહ હી હૈ અવિનાશી ।
પરમ શુદ્ધ આત્મા રહતી હૈ, જ્ઞાન–સુધા કી પ્યાસી ॥
સુનકર ઇન્દ્રભૂતિ કે મનમેં, પ્રેમ ઉમડ ભર આયા ।
ઝટ સે ઉઠકર પ્રભુ કે પગમેં, ઉસને શીશ નમાયા ॥
મિટી સભી શંકાએં મનકી, કોઇ દ્વન્દ્વ નહીં થા ।
ધુલા વહી ક્ષણ ભરમેં સારા, જો ભી કલુખ કહીં થા ॥
અપને સર્વ શિષ્યોં કે સંગ હી, દીક્ષા પ્રભુસે લેકર ।
ઇન્દ્રભૂતિ ભી હુઆ વિશ્વમેં, પુણ્ય લોક કા સહચર ॥

'જય મહાવીર' મહાકાવ્ય માંથી ઉધ્ધુત

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૮૩ ] સપ્ટેમ્બર–૧૯૮૬ [ અંક : ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું સ્તવન | શ્રીમાન યશોવિજયજી વિરચિત | ૧૫૭ |
| ૨ | મુમુક્ષુ આત્માના મુખ્ય કર્તવ્યો | ભદ્રબાળ | ૧૫૮ |
| ૩ | માનવિના પ્રકાર | — | ૧૬૪ |
| ૪ | પર્યુષણ | શિલચંદ્રવિજય ગણિ. | ૧૬૫ |
| ૫ | પર્યુષણ | શિલચંદ્રવિજય ગણિ. | ૧૬૬ |
| ૬ | શ્રી અભયદેવસૂરિજી | — | ૧૬૭ |
| ૭ | બંધ સમયે ચેતીએ | રતિલાલ માણેકચંદ શાહ | ૧૭૧ |
| ૮ | અહિંસા જ જૈનધર્મ | શાસ્ત્રી રમેશ લાલજી ગાલા | ટા. પે. ૩ |


## અવસાન નોંધ

શ્રી કેશવલાલ મુળચંદ વોરા ઉં. વર્ષ ૬૮ તા. ૬-૯-૧૯૮૬ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી મીલન સ્વભાવના તેમજ ધર્માનુરાગી હતા. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. પરમ કૃપાળ પરમાત્મા તેમના આત્માને શાન્તી અર્પે એવી પ્રાર્થના.

(અનુસંધાન ટાઇટલ પેજ ૩નું ચાલુ)


જ્યાં જરૂરત હોય ત્યાં કરવા. આજે પાલિતાણા જેવા ઊત્તમ દેરાસરો તરફ જોઇને કહો કે કેટલી આરાધના ત્યાં થાય છે? ઠેર ઠેર જ્યાં જુઓ ત્યાં વિરાધના જ નજરે પડે છે અરે શત્રુજયની દેરીઓમાં ક્યાંક ક્યાંક પક્ષાલ પણ થતી નથી અને દેરીઓ જુઓ તો ગોખલા જેવી તો હે ભવ્યાત્માઓ! જ્યાં આશાતના થતી હોય એવા તીર્થોનો પુર્ણોદ્ધાર કરો ને કે જેથી આ શાશ્વત તીર્થની હમેશાં રક્ષા રહી શકે. અને મોટા મોટા તીર્થની યાત્રા માટે છ'રી પાળતા સંઘ કરતાં જૈન ધાર્મિક શિક્ષણમાં ધન વાપરવું જોઇએ જેથી આજના બાળકો ધાર્મિક શિક્ષણથી વંચિત ન રહી જાય. આજે આપણે જોઈએ. તો લગભગ ૮૦% લોકો ગરીબ છે કે જેઓ પુરૂ શિક્ષણ પણ મેળવી શકતા નથી. તો આવા લોકોને ખરી મદદ કરવાથી આત્માની ઊન્નતિ થશે એ સિવાય બધું વ્યર્થ છે. ફક્ત નામ્ના માટે ધન વાપરવો અથવા તો નામ્ના માટે અન્ય કોઇ કાર્ય કરવા તો એમાં નાશજ છે. હમેશા શુભ કાર્યો કરવા જોઇએ જેથી આત્માની સીઘ્ર સિદ્ધિ ગતિ થાય.

લાંબુ વિચારીએ તો આપણું બુરું કરનાર આપણે જ છીએ. એક શુભાષિતમાં કહ્યું છે કે કોઈ કોઇનું શત્રુ નથી, કોઈ કોઈનું મિત્ર નથી.

આત્મા જ શત્રુ અને મિત્ર છે જેવું વાવીએ તેવું લણીએ અને જેવું કરીએ તેવું પામીએ એ લોકોકિત જરા પણ ખોટી નથી, માટે હમેશાં કોઈ જીવને દુઃખ ન થાય તેની પુરીપુરી કાળજી રાખી નોકરો-સેવકો પાસેથી પુરતો પગાર દઈ કાર્ય કરાવવું જોઇએ એજ લોકોતર ધર્મ છે. કારણ કે જેટલી સગવડતા તેટલી જ ધર્મકરણી વધારે, એ ન્યાય પણ અહિં સાક્ષી પુરે છે. કારણ કે ભુખ્યો માણસ ધર્મ કરી શકે નહિં એટલે જ કહ્યું છે કે દરેક જીવને શાસનરક્ષી બનાવવા હોય તો સુક્ષ્મમ સુક્ષ્મ જીવને દુઃખ ન થાય તેમ વર્તી સ્વપરના કલ્યાણકારી કાર્યો કરવા જોઈએ. જેથી ભગવાન મહાવીરે અહિંસામય જેમ જીવન જીવ્યું હતું. તેમ આપણે જીવી શકીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રીઃ શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત

વર્ષ : ૮૩ ] વિ. સં. ૨૦૪૨ ભાદરવો : સપ્ટેમ્બર-૧૯૮૬ [ અંક : ૧૧

## 卐 શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું સ્તવન 卐

લે. ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમાન યશોવિજયજી વિરચિત

શ્રી સુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ;
આજે હો છાજેરે ઠકુરાઇ, પ્રભુ તુજ પદ તણીજી. (૧)

દિવ્ય ધ્વનિ સુરફૂલ, ચામર છત્ર અમૂલ;
આજે હો રાજેરે ભામંડલ, ગાજે દુંદુભિજી. (૨)

અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;
આજ હો કીધારે ઓગણીશે, સુર ગુણ ભાસુરેજી. (૩)

વાણી ગુણ પાંત્રિશ, પ્રાતિહારજ જગદીશ;
આજ હો રાજેરે દીવાજે, સાજે આઠશુંજી. (૪)

સિંહાસન અશોક, બેઠા મોહે લોક;
આજ હો સ્વામીરે, શિવગામી વાચકયશ થુણ્યોજી. (૫)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુમુક્ષુ આત્માનાં મુખ્ય કર્તવ્યો

✽ લેખક : ભદ્રબાળ ✽

શાસ્ત્રો ફરમાવે છે કે મોક્ષાભિલાષી આત્માએ આટલું સદા આદરવા યોગ્ય છે.

(૧) સમ્યક્ત્વ રત્ન (૨) શ્રી જિન પૂજા (૩) સદ્ગુરુ સેવા (૪) સામાયિક આદિ સત્ક્રિયા (૫) મૈત્રી આદિ ચાર ભાવના (૬) નમસ્કાર મહામંત્રનો જાપ (૭) પરોપકાર વૃત્તિ (૮) તત્વનું ચિંતન (૯) વિનય (૧૦) નમ્રતા (૧૧) શિયળ (૧૨) યથાશક્તિ તપ.

**સમ્યક્ત્વ-રત્ન** એટલે સમકિત. જેની પ્રાપ્તિ પછી જ આત્મા મોક્ષમાર્ગનો પ્રવાસી બની શકે છે.

સમક્તિનો અર્થ તત્વદષ્ટિ છે. આત્મ રતિ છે. આંખના રતનને કીકી કહે છે. તેમ આત્મ-નયનની કીકી સમક્તિ છે.

સમકિત આવે એટલે આત્માને આત્મા ગમે, પરમાત્માનું વચન પ્રાણપ્યારૂં લાગે.

આ સમકિતની આરાધના જિનોપદિષ્ટ ધર્મને આરાધવાથી થાય છે. તેના પ્રભાવે મિથ્યાત્વ રૂપી મળ ઓગળે છે અને વસ્તુના યથાર્થ સ્વરૂપનું દર્શન પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રો કહે છે કે સમકિતીને મોક્ષે જતાં કોઈ ન અટકાવી શકે. એટલે સમક્તિને મોક્ષની ટિકિટ કહીએ તો પણ ચાલે.

પ્રવાસી પોતાની ટિકિટને બરાબર સાચવે છે, તેમ મોક્ષાભિલાષીએ સમ્યક્ત્વનું જતન કરવું. જોઇએ. સમક્તિને ડાઘ લાગે એવા અસદ્ વર્તનથી દૂર રહેવું જોઈએ. મિથ્યા વિચારોને મન ન આપવું જાઇએ.

"સમક્તિ દષ્ટિ આત્મા કરે કુટુંબ પ્રતિપાળ, અંતરથી અળગો રહે, જિમ ધાવ ખિલાવત બાળ."

સમકિતી આત્મા કેમ વર્તે તે આ ગાથા કહે છે. હર હાલતમાં તેનો ઉપયોગ આત્મામાં રહે છે.

અબજો રૂપિયા આપતાં પણ ન મળે એવા આ ગુણ-રત્નની મુમુક્ષુએ જીવની જેમ જયણાં કરવી જોઇએ.

મહાસતી સુલસાના સમક્તિને સ્વયં શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ પણ અનુમોદ્યું હતું. એવા શુદ્ધ સમક્તિની પ્રાપ્તિ માટે સતત સજાગ રહે તે મુમુક્ષુ કહેવાય છે.

આંખ વિનાનો અંધાપો હજી યે સારો, પણ સમક્તિ રૂપી આંખ વિનાનો ભાવ-અંધાપો તો અતિશય ભયંકર છે. જીવને ભવ વનમાં ભૂંડે હાલે ભટકાવનારો છે.

રાગ-દ્વેષ જેમ જેમ પાતળા પડતા જાય છે. તેમ તેમ સમક્તિની નિકટ જવાય છે.

રાગ દ્વેષને પાતળા પાડીને નાબુદ કરવા માટે રાગ દ્વેષ રહિત શ્રી જિનેશ્વરદેવની ભક્તિને પોતાના જીવનમાં પહેલો નંબર આપવો પડે છે.

વિષયોનો રાગ અને ગુણનો દ્વેષ એ બે મહા દોષને દૂર કરવા માટે મોક્ષાભિલાષીએ સદા ઉદ્યમવંત રહેવું જોઇએ.

મોક્ષાભિલાષીનું બીજું કતવ્ય શ્રી જિનેશ્વર દેવની પૂજા છે.

મુક્તિરસિક આત્મા શ્રી જિનેશ્વરદેવની નિત્ય નિયમિતપણે પૂજા કરે છે. તે પૂજામાં ઉત્તમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકારના શુદ્ધ દ્રવ્યો વાપરે છે. તેમ જ ભાવ પણ ઊંચો રાખે છે.

જેને ઊંચે જવું છે, તેનાથી નીચની સોબત ન થઈ શકે.

અશુભ ભાવ તે નીચ ભાવ છે.

અનીતિની કમાણીના દ્રવ્યોને પણ તે સંદર્ભમાં નીચ-હલકાં-તુચ્છ કહ્યાં છે.

કાદવ વડે ખરડાયેલી પાંખોથી પંખી પણ આકાશમાં વિહરી શકતું નથી. તો તુચ્છ પ્રકારના દ્રવ્ય અને ભાવ વડે ખરડાયેલું મન શ્રી જિનભક્તિના ગગનમાં વિહાર ન કરી શકે તે સ્વાભાવિક છે.

શ્રી જિનપૂજા એટલે ત્રણ જગતના નાથની પૂજા જે દેવોને પણ દુર્લભ છે. જ્યારે માનવને સુલભ છે.

મતલબ કે એક માનવ જ ત્રિવિધે ઉપયોગ પૂર્વક શ્રી જિનપૂજા કરી શકે છે. દ્રવ્ય ભક્તિ દેવોની ચડીયાતી હોય છે. પણ ભાવ ભક્તિમાં તેઓ માનવની બરાબરી કરી શકતા નથી.

મુમુક્ષુએ આ હકીકતનું મહત્વ સમજીને શ્રી જિનપૂજામાં પોતાના પ્રાણોને નિત્ય એકાકાર કરવા જોઈએ. ભવની બેડીથી જીવને છોડાવનારી શ્રી જિનપૂજા છે. એ મુમુક્ષુ ન સમજે તો તે મુમુક્ષુ ન ગણાય,

મુમુક્ષુ તો પ્રત્યેક ક્ષણે મુક્તિના મનોરથમાં મહાલતો હોય અને તેની શાસ્ત્રોપદિષ્ટ આરાધનામાં તલ્લીન હોય.

મુમુક્ષુનું ત્રીજું કર્તવ્ય સદ્‌ગુરૂની સેવા છે.

સદ્‌ગુરુ એટલે પાંચ મહાવ્રતોને પાળનારા ગુરૂ મહારાજ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન માતાનું સમ્યક્ પ્રકારે જતન કરનારા મહાપુરુષ. શ્રી જિનાજ્ઞાને મુખ્ય બનાવીને અપ્રમત્તપણે વિહરનારા ત્યાગી ભગવંત.

તેમની સેવા કરવાથી પાપ વ્યાપારમાં રસ ઓછો થાય છે. ધર્મ વ્યાપારમાં રસ વધે છે.

આ સંસાર રૂપી રણમાં શ્રમણ ભગવંત એ મીઠા જળની વીરડી સમાન છે. પાસે જઈને બેસીએ એટલે અનાયાસે શાતા મળે.

જેના માથે ગુરૂ નથી. તેનો વિશ્વાસ કરતાં પહેલાં ખૂબ વિચાર કરજો એમ શાસ્ત્રો કહે છે.

દેવાધિદેવની પૂજા કરે અને તેમની આજ્ઞાને ત્રિવિધે આરાધનારા સાધુ ભગવંતાદિની સેવા ન કરે તે મુમુક્ષુ ન ગણાય. તેને તો દેવાધિદેવની આજ્ઞાને સર્વથા સમર્પિત આચાર્ય ભગવંતાદિ દેવાધિદેવ જેટલાંજ પૂજ્ય લાગે.

મુક્તિપિપાસુ આત્માનું ચોથું કર્તવ્ય સામાયિક આદિ સત્ક્રિયાને આદરપૂર્વક આદરવી તે છે.

સામાયિક આત્માને સિદ્ધ સદૃશ બનાવવાની અચિંત્ય શક્તિ ધરાવે છે'

કટાસણાને સિદ્ધશીલાનો એક ખંડ સમજીને મુમુક્ષુ તેના ઉપર પોતાની કાયાને છોડી દે છે. ત્યાં તે આત્મા રૂપે રાજે છે. તેનું શરીર હાલતું બંધ થઇ જાય છે. વાણી મૌનનો વાઘો ઓઢી લે છે. મન આત્માના ચરણ ચૂમે છે.

આવા ભાવ સામાયિક સુધી પહોંચવાના લક્ષ્યપૂર્વક મુમુક્ષુ એ હંમેશા સામાયિક કરવું જોઇએ.

સામાયિક કરવાથી સમભાવમાં રહેવાની તાલીમ મળે.

સમભાવ કહો કે સમતા કહો તે એક જ છે, અને તે આત્માનો ધર્મ છે—સ્વભાવ છે.

સ્વભાવને આરાધવાથી પરભાવ રમણતાનો રોગ નાબૂદ થવા માંડે છે.

પર ને ભાવ આપવો તે અધર્મ છે.

સ્વ ને ભાવ આપવો તે ધર્મ છે.

તેથી સ્વતુલ્ય સર્વ જીવો પ્રત્યે સ્વ તુલ્ય ભાવ જાગે છે અને મુક્તિના લક્ષ્યની વધુ નિકટ પહોંચાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામાયિકની જેમ પ્રતિક્રમણ પણ મેલા આત્માને માંજીને ચોખ્ખો કરવાની સત્‌ક્રિયા છે. અને એ જ રીતે પૌષધ, દેશાવગાસિક વગેરે પણ ઉપકારક છે.

મુક્તિપ્રેમી આત્માનું પાંચમું કર્તવ્ય મૈત્રી આદિ ચાર ભાવના ભાવવી તે છે.

મૈત્રી, પ્રમોદ, કરુણા, અને માધ્યસ્થ એ ચાર શુભ ભાવના છે.

તેના વિષય તરીકે સમસ્ત જીવલોકને રાખવાનો છે.

મૈત્રી ભાવના ભાવવાથી ચિત્ત, જીવનો દ્વેષ કરવાના દોષમાંથી મુક્ત થાય છે.

પ્રમોદ ભાવનાથી ભાવિત થયેલા સાધકને પરનો નાનકડો પણ ગુણ મોટો લાગે છે. તેમ જ તે ગુણની તે પ્રશંસા કરે છે.

ગુણ-રાગ કેળવવાની અનુપમ શક્તિ આ ભાવનાથી ભાવિત થયેલા ચિત્તમાં પેદા થાય છે,

કરુણા ભાવના ભાવવાથી દુઃખી જીવોનાં દુઃખ દૂર કરવાની પ્રબળ ઉત્કંઠા પેદા થાય છે.

પરહિત ચિંતાને મૈત્રી કહી છે.

પરગુણ પ્રશંસાને મુદિતા કહી છે.

પરદુઃખ પ્રહાણેચ્છાને કરુણા કહી છે.

અને પરના દોષની ઉપેક્ષાને માધ્યસ્થ ભાવના કહી છે.

આ ચારે ભાવનાઓમાં ચાર ગતિના દુઃખને દૂર કરવાની શક્તિ છે. એ સત્યનો સ્વીકાર કરીને મુમુક્ષુ આત્માએ અણમોલ ઔષધની જેમ હંમેશા ત્રિ-સંધ્યાએ તેનું સેવન કરવું જોઈએ

મુમુક્ષુ આત્માનું છટ્ઠું કર્તવ્ય-મહામંત્ર શ્રી નવકારનો જાપ કરવો તે છે.

શ્રી અરિહંત આદિ પંચ પરમેષ્ઠિ ભગવંતોના સ્મરણ સિવાયનો દિવસ જેને ખરેખર ગોઝારો લાગે, અશુભ લાગે, અપ્રિય લાગે તેને મુક્તિ રસિક કહી શકાય.

સકળ લોક ઉપર જીવની મુક્તિના મહાનાદનું સામ્રાજ્ય ચાલે છે. તે મહાનાદના ઉદ્‌ગાતા શ્રી અરિહંત પરમાત્મા છે.

એટલે મુક્તિકામી આત્માને શ્રી અરિહંત પરમાત્માના નામનો જાપ જેમાં પ્રથમ સ્થાને છે તે શ્રી નવકારનો જાપ અવશ્ય કરણીય લાગે.

જેના જીવનમાં મહામંત્ર શ્રી નવકારનો જાપ છે, તેને શાનો ખપ છે તે સ્વાભાવિકપણે સ્પષ્ટ થાય છે. અર્થાત્ શ્રી નવકારનો એક નિષ્ઠ આરાધક નખ-શિખ શ્રી અરિહંતનો બનીને રહે છે. અને મુક્તિના માર્ગે આગળ વધતો રહે છે. કારણ કે શ્રી અરિહંતના મહાનાદમાં જીવની મુક્તિ જ છે.

શ્રી નવકારના જાપની ક્રિયાને સામાન્ય સમજીને સામાન્ય ભાવ આપીશું ત્યાં સુધી અસામાન્ય ભાવ બીજે આપતા રહેવાનું મિથ્યા વલણ નહિ બદલાય

નમસ્કાર-રતિ વગરનું જીવન એટલે વિષય-કષાયનું ઘર. તેમાં કેવળ ઉકળાટ હોય, ઉદ્વેગ હોય, અજંપો હોય, અસ્થિરતા હોય, ભય હોય, વિકથા હોય, કાદવમાં સૂર્યનું પ્રતિબિંબ ન પડે તેમ આવા જીવનમાં આત્મ રવિની ઝલક ન ઝીલાય.

આવા અંધકારમય જીવનમાં આત્માનું તેજ ફેલાવવાનું કામ શ્રી નવકાર કરે છે. જો આપણે મન તેને હવાલે કરી દઈએ તો.

મુક્તિમાર્ગના પ્રવાસીએ આ સત્યને વળગી રહીને જ ચાલવું જોઈએ.

જે મિનિટે નમસ્કાર-રતિ ઓછી થશે તે જ મિનિટે પુદ્‌ગલ-પ્રીતિ શીર પર સ્વાર થઈ જશે એમ અનુભવી મહાસંતો કહે છે.

એટલે મનની માલિકી શ્રી નવકારને સોંપવામાં મુમુક્ષુએ પ્રમાદ ન કરવો જોઈએ.

મોક્ષાભિલાષી આત્માનું સાતમું કર્તવ્ય પરોપકાર-વૃત્તિ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જિન શાસનના સ્વામી શ્રી અરિહંત પરમાત્મા નિયમા પરોપકાર વ્યસની હોય છે.

એટલે તેમની ભક્તિ કરનારો મુમુક્ષુ સ્વાર્થરત ન જ હોય અને જો હોય તો માનવુ કે તે મુક્તિકામી નથી પણ બીજુ જ કંઈ ઇચ્છે છે.

સ્વાર્થવશ માનવી ગમે તેવું પાપ કરતાં અચકાતો નથી. તે સગા ભાઇને પણ દગો દઈ દે છે.

સ્વાર્થનું મારણ પરમાર્થ છે.

પરમાર્થ એટલે પરોપકાર,

પર ને ઉપકારી માનવાથી પરોપકાર વૃત્તિ આવે છે.

શાસ્ત્રો કહે છે કે ભવ ભવાંતરમાં ભમતાં આ જીવે ઉપકાર અનેકના લીધા છે. અને તે ઉપકાર રૂપ ઋણ તેના માથે રહેશે ત્યાં સુધી તે ઋણ-મુક્ત કર્મમુક્ત થઈને મુક્તિએ નહિ જઈ શકે.

આપણે આજે સંસારમાં છીએ તે હકીકત જ એમ બતાવે છે કે આપણે દેવાદાર છીએ, ઉપકારના ભાર તળે છીએ. તેમાંથી છુટકારો ત્યારે થશે જયારે આપણે પરોપકાર પ્રધાન જીવનમાં અગ્રેસર બનીશુ.

પ્રત્યેક મુમુક્ષુએ આ હકીકતનો સ્વીકાર કરીને પરોપકાર વૃત્તિ ખીલવવી જ પડે તે સિવાય ન ચાલે.

મુક્તિરસિક આત્માનું આઠમું કર્તવ્ય તત્વનું ચિંતન છે.

તત્વનું ચિંતન એટલે આત્મ તત્વનું ચિંતન નવ તત્વનું ચિંતન, હેય પદાર્થો કયા છે, તેની સૂક્ષ્મ વિચારણા, જ્ઞેય પદાર્થો કયા છે અને ઉપાદેય પદાર્થો કયા છે તેની ગવેષણા.

જે મુમુક્ષુ છે તેનું ચિત્ત સત્ના ચિતનમાં રહે છે. સત્ (આત્મા)ની અનંત શક્તિની ગહન વિચારણામાં રહે છે. અનંત ચતુષ્ટયમય આત્માથી તેનું ચિત્ત પ્રાયઃ અળગુ થતું નથી. તેથી સંસારના નાશવંત પદાર્થોમાં તેને રાગ પેદા થતો નથી.

તત્વના ચિંતનમાં આત્માના મૂળ તેમ જ ઉત્તર ગુણોના ચિંતનનો પણ સમાવેશ થાય છે.

પર પદાર્થોના ચિંતન માટે મન નથી. છતાં જો તેને તેમાં જ રોકીશું તો ભવાંતરમાં [illegible] પણ નિશ્ચિત છે.

જે માનવ-પ્રાણી પોતાને મળેલી વસ્તુનો દુરૂપયોગ કરે છે, તેની સજા તેને કર્મસત્તા કરે જ છે. અને તેમાં સંપૂર્ણ ન્યાય છે

કંચન અને કામિનીના રાગથી ચિત્ત કાળું પડે છે; અધ્યવસાય મલિન બને છે અને અશુભ કર્મનો તીવ્ર બંધ પડે છે.

મુમુક્ષુને તો આ બધું હરગીઝ ન પોષાય, કારણ કે તેને તો સર્વ બંધનો તોડીને મુક્ત થવાની ઉત્કટ અભિલાષા છે.

એટલે તે આત્માને ઓળખાવનારા પરમાત્માને ચિત્ત સોંપીને નિરાંતે જીવે છે.

મુમુક્ષુનું નવમું કર્તવ્ય વિનય ગુણનું પાલન છે.

"વિનય મૂલો ધમ્મો" એ આપણે જાણીએ છીએ.

"વનો વેરીને વશ કરે" એવી જે લોકોક્તિ છે. તેનું રહસ્ય એ છે કે વિનયવંત પુરૂષને કોઇ શત્રુ હોતો નથી.

વિનય અભ્યંતર તપ રૂપ છે.

સાચી વિનમ્રતા એ વિનય ગુણનો પર્યાય છે.

વિનય ગુણના પ્રભાવે શ્રી ગૌતમસ્વામીજી અનંત લબ્ધિ નિધાન બન્યા તે સર્વ વિદિત છે.

વિનયવંત સાધક વડીલોની આમન્યા સાચવીને વર્તે છે, તેમજ નાનાઓ તરફ વાત્સલ્યવંત રહે છે. કોઈ જીવને તે તુચ્છકારતો નથી.

પાણી ગમે ત્યાં પ્રવેશી શકે છે તેમ વિનયવંત પુરૂષ પણ જગતમાં ગમે ત્યાં વિચરી શકે છે. કોઇ તેને જાકારો દેતું નથી. પણ બધા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્કારે છે. અને કદાચ કોઈ અસત્કાર કરે છે ત્યારે પણ તેની વિનમ્રતા અકબંધ રહે છે.

વિનય ગુણની પ્રાપ્તિ એ ધર્મ પરિણત આત્માની નિશાની છે.

એટલે ધર્મીજને વિવેકરૂપી ગુણનું સદા જતન કરવાનું રહે છે. અને તો જ તે ધર્મી છે તેમ સ્વીકારી શકાય છે.

અને કદાચ વિનય ગુણ મોળો હોય તો મનને વારંવાર વિનય ગુણના પ્રકર્ષને પામેલા શ્રી ગૌતમ સ્વામીજીના સ્મરણથી વાસિત કરવું જોઇએ. તો જરૂર વિનિત બની જશે.

મુમુક્ષુએ આરાધવા યોગ્ય દસમો ગુણ નમ્રતા છે.

નમ્રતા એટલે અભિમાન રહિતતા.

શાસ્ત્રો કહે છે કે તન-ધન જોબનનાં કોઇના અભિમાન ટકયાં નથી અને તેનો પ્રત્યક્ષ અનુભવ આપણે પણ કરીએ છીએ.

આજે રંક હોય છે, તે પુણ્યબળે કાલ રાય બને છે. આજનો રાય, પાપોદયવશાત્ કાલે રંક બને છે.

તો અભિમાન શેનું કરવાનું !

અભિમાન એ ભયંકર ભાવ રોગ છે, જે હંમેશા આત્મવિકાસની આડે આવે છે.

હું એટલે કોણ? એવા હું કારવાળો ઘમંડ રાખતા જ હોઈએ તો હું એટલે મૂકિતપદનો ઉમેદવાર એ અર્થમાં તે ઘમંડને ટાળી દેવો જોઈએ, તો સાચી નમ્રતા પ્રાપ્ત થશે.

નમ્રતા ન આવતી હોય તો મનને વળગેલા અહંકારને વારંવાર શ્રી નવકાર સાગરમાં સ્નાન કરાવવું.

કર્મવશ જીવ અભિમાનમાં રાચે છે તે એક આશ્ચર્ય નથી તો બીજુ શું છે?

એટલે મુમુક્ષુ આત્મા નમ્રતા કેળવવા માટે હંમેશા પોતે કર્મવશ છે એ પણ ચિંતવતો હોય છે અને તે કર્મોના નાશ કરવામાં વિનમ્રતા અગત્યનો ભાગ ભજવે છે એમ પણ ચિંતવતો હોય છે.

શિયળનું પાલન એ મુમુક્ષુનું ૧૧મું કર્તવ્ય છે.

આ વાત મુખ્યત્વે ગૃહસ્થીઓને મૂકેલી વાત છે. કારણ કે સાધુ-સાધ્વી ભગવંતો તો નિયમા શીલવ્રતધારી હોય છે.

એટલે મુમુક્ષુ ગૃહસ્થીઓએ શિયળ વ્રતના પાલનમાં દિન પ્રતિદિન પ્રગતિ કરવી જોઇએ.

મહિનામાં બાર તિથિ શિયળ પાળનારાએ પંદર, પચ્ચીસ, ઓગણત્રીસ દિવસ સુધી પહોંચવુ જોઇએ. અને જેઓ વર્ષમાં બાર દિવસની છૂટ રાખતા હોય તેમણે ઘટાડો કરીને ૧૦ ૮-૬-૪ કે ૧ દિવસની છૂટ પણ દુ:ખ સાથે રાખવી જોઇએ.

શિયળ ન પાળવાથી સેવવા જેવા આત્માનો દ્રોહ થાય છે.

બ્રહ્મમાં ચરનારા બ્રહ્મચારી કહેવાય છે. અબ્રહ્મમાં આથડનારાને સંસારી કહે છે.

એટલે મુક્તિ જેનું લક્ષ્ય છે, તે મુમુક્ષુ શિયળ વ્રતના પાલનમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધીને જ જંપે છે.

આત્માને દેહભૂખ હોય ? ના,

આ મુદ્દા પર સતત ચિંતન કરવાથી કામવાસના અંકુશમાં આવે છે. તેમ છતાં તથા પ્રકારના નિમિત્તના જોગે મન ઢીલું પડી જતુ હોય તો દરરોજ પ્રાતઃસ્મરણીય શ્રી સ્થૂલીભદ્રજીનું સ્મરણ તથા ધ્યાન કરવું. તેમ કરવાથી કામ કાંટાની જેમ ડંખવા લાગશે. અને આરામ માટે આત્મા નજરે ચઢશે.

યથાશકિત તપ કરવો એ મુમુક્ષુનું ૧૨મું કર્તવ્ય છે.

તપના બાર પ્રકાર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છ બાહ્ય અને છ અભ્યંતર.

જીવને અનાદિથી વળગેલી આહાર સંજ્ઞાને જીતવા માટે જીવનમાં તપ અનિવાર્ય છે.

બાહ્ય તપમાં અનશન, ઊણોદરી, વૃત્તિ સંક્ષેપ, રસ ત્યાગ, વગેરેનો સમાવેશ થાય છે.

અભ્યંતર તપમાં પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય, ધ્યાન વગેરેનો સમાવેશ થાય છે.

તપ પોતાની શક્તિ અનુસાર કરવાનું વિધાન છે. તેનો અર્થ એ છે કે ગજા ઉપરાંતનો તપ પણ ન કરવો, અને છતી શક્તિએ તપમાં પ્રમાદ પણ ન કરવો.

તેમ છતાં નાના મોટા કોઇ પણ પ્રકારના તપમાં મુમુક્ષુએ રૂચિ હોવી જ જોઇએ.

સ્વાદિષ્ટ ભોજનમાં રૂચિ તેમ જ પ્રીતિ જાગે તો સમજવું કે આત્મા હજી નથી રૂચ્યો, પછી મુક્તિની તો વાત જ ક્યાં કરવી.

બાહ્ય તપ કરવા છતાં અભ્યંતર તપ જીવનમાં આવતો ન હોય તો પરમ તપસ્વી શ્રી ધન્ના અણગારનું જીવન ચરિત્ર વાંચીને તેના ઉપર ચિંતન કરવું.

સ્વભાવ અણાહારી આત્માને આહારની ભૂખ હોતી નથી, તે ભૂખનું કારણ તથા પ્રકારનું કર્મ છે, તેનો ઉચ્છેદ બાહ્ય અને અભ્યંતર તપ વડે થાય છે.

મોક્ષાભિલાષી આત્માને આ ૧૨ કર્તવ્યોના પાલનમાં સદા ઉદ્યમવંત રહેવું જોઈએ.

આ બધા કર્તવ્યો ગુણ પ્રાપ્તિ માટે છે.

તેમાં પહેલું કર્તવ્ય સમ્યક્ત્વના જતનનું છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થઈ હોય તો તેને પ્રાપ્ત કરવા માટે અનિવાર્ય શ્રી જિનભક્તિ છે. અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ હોય તો તેને ટકાવીને વધુ જ્વલંત બનાવવા માટે પણ શ્રી જિનભક્તિ અનિવાર્ય છે.

આ પહેલા કર્તવ્યના પાલનમાં આવરધા પુરુષોને બાકીના કર્તવ્યોના પાલનની ભૂખ જાગે છે અને ભવ વિષયક સુખોની ભૂખ તેમનાથી દૂર ભાગે છે,

જેની દૃષ્ટિ સિદ્ધશિલા તરફ છે તેને આ કર્તવ્યો સાકર જેવા મીઠા લાગે છે એટલે તે તેના પાલનમાં જરા પણ પ્રમાદ કરતો નથી. બીજા બધા ધંધાને ગૌણ કરીને તે કર્તવ્યોને પ્રાધાન્ય આપે છે.

કરવા જેવાં આ કામ દિલ દઈને કરીશું તો આપણું ભાવિ નિશ્ચિતપણે ઉજ્જવળ નીવડવાનું છે. કારણ કે આ બધા કર્તવ્યો શ્રી જિનેશ્વરદેવે પ્રકાશેલા સર્વ મંગળકારી ધર્મના અંગભૂત છે. અને જ્યાં ધર્મની આરાધના છે ત્યાં મંગળ છે જ.

આવા દૃઢ વિશ્વાસ સાથે આપણે પણ મુમુક્ષુતાને જગાડવી જોઇએ. તેમ જ મુક્તિગામી આત્માઓની ખૂબ-ખૂબ અનુમોદના કરવી જોઈએ. આજે જેઓ મુક્તિપથ પર ચાલી રહ્યા છે તેમની હાર્દિક પ્રશંસા કરવી જોઈએ. તો આપણા મનમાં મુક્તિની ભૂખ જાગશે અને ભવ-ભૂખનો અંત આવશે.


શ્રી જૈન આત્માનંદ સભાના પેટ્રન સાહેબો અને સભાસદોને

**શ્રી જંબૂસ્વામી ચરિત્ર**

પુસ્તક ભેટ આપવાનું છે. તો સ્થાનિક સભાસદોને સભામાંથી લઇ જવા વિનંતી છે. બહારગામના સભાસદોએ પોતાનું પુરૂ નામ સરનામું સાથે ૦૦-૨૫ પૈસાની પોસ્ટની ટીકીટ મોકલવા વિનંતી છે, જેથી પુસ્તક તેઓશ્રીને પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવશે.

—શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવીના પ્રકાર

કેટલાક કહે છે— દુનિયામાં બે પ્રકારના માણસો છે— સજ્જન અને દુર્જન; મિત્ર અને શત્રુ; નાના ને મોટા; સાચા અને ખોટા. આ રીતે ગમે તેમ ગણો પણ બે પ્રકારે માણસો મળશે.

પણ હું કહું છું કે માણસ પોતાનામાંજ ત્રણ પ્રકારના માણસો વસી રહ્યા છે.

આ ત્રણ માણસો કયા ?

એક તો હરેક માણસમાં, એક એવો માણસ રહ્યો છે, જે એનું જીવન સુધારવાનું કામ કરતો રહે છે. બીજો એક માણસ એવો રહેલ છે, જે જીવનને સુખી કરવાનું કામ કરે છે. ત્રીજો માણસ એવો છે, જે ચિંતન કર્યા કરે છે.

પહેલા પ્રકારનો માણસ, જે જીવન સુધારવાનું કામ કરે છે તેને તો સીધા ચઢાણ છે અને તેની યાતનાઓનો પાર નથી. તે યાતનાઓ સહન કરવા માટે હું તેને ચાહું છું.

બીજો માણસ જીવનને સુખી કરવા મથે છે, તે જાણે છે કે સુખ આપવાથી સુખ મળે છે. માટે તેના આ જગત ઉપરના આશીર્વાદ સમા સ્વરૂપને પણ હું ચાહું છું;

ત્રીજો, જે ચિંતનમાં લીન છે, તેના ડહાપણ માટે હું ચાહું છુ.

પણ જ્યારે માણસ કામ કરતો નથી, જ્ઞાન મેળવતો નથી, ભક્તિ જાણતો નથી; ત્યારે કહી શકાય કે હવે માણસમાં માણસ રહ્યો નથી. માત્ર આકૃતિ બાકી રહી છે.

આકૃતિ એ માણસ નથી તેમજ માણસની બહારની સાધન સંપત્તિ એ પણ માણસ નથી.

માણસ માણસની અંદર વસી રહ્યો છે. એ માણસ જ ખરો માણસ છે, અને તેને જીવનમાં ત્રણ સાથે સંબંધ છે. કાં એ કર્મ કરે; કાં જ્ઞાન મેળવે અને કાં ભક્તિ કરે.

'સુવર્ણ રેખા'ના સૌજન્યથી

---

## 卐 卐 卐 ક્ષ—મા—પ—ના 卐 卐 卐

પર્યુષણ પર્વ આપણા માટે આત્માને ઓળખવાનું મહાપર્વ છે. આ માટે પ્રત્યેક જૈન સંયમ કેળવે છે અને નમ્ર બને છે. આખાયે વર્ષ દરમ્યાન જાણ્યે-અજાણ્યે પણ કોઇને અન્યાય કર્યો હોય કે કોઇની લાગણી દુભાવી હોય તો તેની ક્ષમા માગે છે.

અમો પણ નમ્ર ભાવે આપ સૌને 'મિચ્છામિ દુક્કડમ્' કરીએ છીએ અને અવિનય-આદિ દોષો બદલ ક્ષમા માગીએ છીએ, ક્ષમા આપશો.

આ સંસ્થાના માસિક દ્વારા અમારાથી લખાણો દ્વારા યા બીજી કોઇ રીતે અવિનય થયો હોય તો મન, વચન, કાયાથી સૌને ખમાવીએ છીએ.

**હીરાલાલ બી. શાહ**-પ્રમુખ **પોપટલાલ રવજીભાઇ સલોત**-ઉપપ્રમુખ અને તંત્રી.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 卐 卐 વિજ્ઞાન અને અધ્યાત્મની સમતુલાની પુનઃપ્રતિષ્ઠા કરવાનું પર્વ : પર્યુષણ 卐 卐

પં. શિવચંદ્રવિજય ગણિ.

હમણાં થોડાંક વર્ષોથી આપણાં વિચારકોમાં વિજ્ઞાન અને અધ્યાત્મ એ બે નો સમન્વય રચવાનો ઘણો ઉમળકો જોવા મળે છે. પણ વિજ્ઞાન અને અધ્યાત્મ એ બન્ને પદાર્થો એક-મેકની હૂંફ આપમેળે મેળવતા રહીને જ પાંગર્યાં છે. અને જીવી રહ્યાં છે. એની કદાચ એ વિચારકોને ખબર નથી, વિજ્ઞાન પદાર્થ અધ્યાત્મ-પદાર્થ વગર, અને અધ્યાત્મપદાર્થ વિજ્ઞાનપદાર્થ વિના, કોઇ કાળેય ટકી ન શકે બન્ને એક-બીજાના પૂરક છે, સહાયક છે, અને બેમાંથી એક ન હોય તો બીજા પદાર્થને જીવાડવાનું-ટકાવવાનું કામ બહુ કપરૂં જ ઠરે. સમન્વયવાદી વિચારકોએ આ બે શબ્દોના અર્થો વિચાર્યા હોત તો પણ આ સાદી વાત તેમને સમજાઈ ગઈ હોત.

વિજ્ઞાન એટલે પશ્ચિમ અને અધ્યાત્મ એટલે પૂર્વ, વિજ્ઞાન એટલે શરીર અને અધ્યાત્મ એટલે આત્મા વિજ્ઞાત એટલે ભોગ અને અધ્યાત્મ એટલે ત્યાગ.

વિજ્ઞાન જડત્વનો મહિમા કરે છે, તો અધ્યાત્મ ચૈતન્યનું કીર્તન કરે છે. સ્થૂલ નજરે એક-બીજાથી તદ્દન વિરોધી જણાતાં આ પદાર્થો પણ તત્વતઃ એકમો સાથે કેટલાં બધાં સાપેક્ષભાવે સંકળાયેલા છે. તેનો ખ્યાલ જો આવે તો. વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય નથી એવું કહેવાની હિમ્મત ન જ રહે.

ખરી વાત તો એ છે કે જ્યાં વિજ્ઞાન છે ત્યા જ અધ્યાત્મ છે. શરીર વિના આત્મા કયાંય રહી શકયો છે. ખરો ? અને ભોગ ન હોત તો ત્યાગ કોનો કરવાનો રહેત ? બીજી રીતે જોઈએ તો આત્મા વિનાના જડ ખોળિયાનું મૂલ્ય પણ મૂઠી રાખથી વિશેષ કેટલું ? અધ્યાત્મ વિનાનું વિજ્ઞાન એટલે જડતા જ નહિ, પણ નરી જંગાલિયત જ, વિજ્ઞાનને સાથ બક્ષવા માટે. અને જડત્વના મહિમાને સ્વીકાર્ય બનાવવા માટે થઇને પણ અધ્યાત્મનો સહયોગ અનિવાર્ય છે.

એટલે આવશ્યકતા વિજ્ઞાન અને અધ્યાત્મ વચ્ચે સમન્વય સાધવાની નથી, પરંતુ એ બે ની સમતુલા સાધવાની છે. આ બે પદાર્થોમાં જ્યાં સુધી અધ્યાત્મનું વર્ચસ્વ રહે ત્યાં સુધી તો બહુ વાંધો નથી આવતો પણ જ્યારે વિજ્ઞાનનું પલ્લુ ભારે થઈ જાય, ત્યારે થોડોક વિસંવાદ, થોડીક ગૂંચો ઉભી થઇ જાય છે. અને એથી થતા નુકસાનથી ઉગરવા માટે, એ બે વચ્ચે સમતુલા પુનઃ સ્થપાય તે બહુ મહત્વનું છે

આપણે જે વાત વરણમાં આજે જીવી રહ્યા છીએ તેમાં, આજે, વિજ્ઞાનનું એટલે કે ભોગનું પલ્લુ વધુ પડતું ભારે થઈ ગયું છે. જડત્વનો સમાદર એ હદે વધ્યો છે કે ચૈતન્યનું જાણે અસ્તિત્વ જ ન હોય ! આમ થવાથી વિજ્ઞાન અને અધ્યાત્મ એ બે વચ્ચે ચિરકાળથી જામેલી સમતુલા ચિંતાપ્રેરક પ્રમાણમાં ખોરવાઈ છે.

વિજ્ઞાન અને અધ્યાત્મ વચ્ચે પ્રવર્તતી સમતુલા કયારેક ખોરવાઇ, અને વિજ્ઞાનનું વજન વધી જાય, તો તે વિષમતાને સમાવી, બન્ને વચ્ચે પુનઃ સમતુલા સ્થાપી શકાય એવી દૂરંદેશીભરી ગણતરીથી જ. ભગવાન વીતરાગે, પર્યુષણ પર્વનું આયોજન કર્યું છે. આ દિવસોમાં સમજદાર મનુષ્ય, આત્માનાં શરણે ચાલ્યો જશે, સ્વૈચ્છિક ત્યાગ અને સંયમ આચરશે, બૂરાઇઓ દ્વારા જીવનમાં વકરેલી જડતાના જામી ગયેલા થરોને, સદ્વૃત્તિઓ અને સત્પ્રવૃત્તિના જળથી પંખાળશે અને એ રીતે વિષમતાને શમાવીને સમતુલાનું નિજ જીવનમાં પુનઃપ્રતિષ્ઠાન કરશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ અને સંપ્રદાય વચ્ચેની ભેદ-રેખાને પરખીએ

પં. શિલચંદ્ર
વિજય ગણિ

વિજ્ઞાન અને અધ્યાત્મ જેવું જ એક બેલડું છે. ધર્મ અને સંપ્રદાયનું, ધર્મ અને સંપ્રદાય એ બે મૂળભૂત રીતે તદ્દન જુદા તત્વો છે અને છતાં એ બન્ને દૂધ-પાણીની જેમ એવાં તો એકમેકમાં ડુબી ગયાં છે કે હંસદૃષ્ટિ વિના તેનો વિવેક કરવો મુશ્કેલ છે. એમ કહી શકાય કે ધર્મ એ પ્રકૃતિ છે, જ્યારે સંપ્રદાયએ વિકૃતિ ધાર્મિકતા એ માનવ આત્માનું પોતીકું અન્તસ્તત્વ છે. અને સાંપ્રદાયિકતા એ બહારથી આણેલું આગન્તુક તત્વ છે. કમનશીબે બને છે એવું કે આપણી મૂળ પ્રકૃતિને આ આગન્તુક વિકૃતિ દબાવી દે છે અને પછી આપણે સૌ વિકૃતિને જ અસલી પ્રકૃતિ માનવા લાગીએ છીએ. અને ત્યાંથી જ આપણી કઠણાઈ આરંભાઈ છે.

જ્યાં સાંપ્રદાયિકતા હોય ત્યાં ધાર્મિકતા હોય જ એવું નથી. કયાંક હોય પણ અને ઘણે ભાગે તો નજ હોય એથી ઊલટું જ્યાં ધાર્મિકતા હોય ત્યાં સાંપ્રદાયિકતાનો અંશપણ હોઇ ન શકે. સાંપ્રદાયિકતાનો અંશપણ હોય ત્યાં ધાર્મિકતાને પાંગરવાનો અવકાશ હોતો નથી, બલ્કે રહી સહી ધાર્મિકતા પણ ત્યાંથી ખરી પડે છે.

ધાર્મિકતાનો મૂળ મંત્ર છે. સત્ય. મમ જે સાચું તે મારૂં. એથી વિપરીત સાંપ્રદાયિકતાનું આધાર સૂત્ર છે. મમ સત્ય હું કહું તે જ સાચું ધર્મ વિશાળતામાં માને છે, સંપ્રદાયને સંકુચિતતા વધુ ફાવે છે. ધાર્મિકતા આગ્રહોના મજબૂત જાળાઓને તોડવાનું શીખવે છે. સાંપ્રદાયિકતા ઢીલા પડતા આગ્રહોને પ્રબળ કેવી રીતે બનાવવા તેની તાલીમ આપે છે. ધર્મ માટે અસત્ય સર્વથા અસ્પૃશ્ય છે. સંપ્રદાય એવી અસ્પૃશ્યતામાં માનતો નથી હોતો. ધર્મને હંમેશા સત્યનો પક્ષપાત રહે છે. અને તેથી છેવટે તો સત્યયજ જીતવાનું એ નિર્યાત ઉપર તેને પ્રબળ વિશ્વાસ છે. એટલે તે જય-પરાજયની ખટપટમાં ઊતરવાનું નાપસંદ કરે છે. જ્યારે સંપ્રદાય આવા અંધવિશ્વાસમાં માનતો નથી. એટલે યેનકેન પ્રકારેણ પોતાનું ગૌરવ ટકાવી રાખવાનું ઝનૂન એના પર છવાયેલું જ રહે છે.

ધર્મનું લક્ષ્ય છે. માનવીય સદ્‌ગુણને અને સદવૃત્તિઓને પોષણ આપવાનું અને માનવ મનની મલિન વૃત્તિઓનો નાશ કરવાનું. જે પ્રવૃત્તિ કરવાથી આ લક્ષ્ય ન સધાતું હોય, આ લક્ષ્યની દિશામાં ન જવાતું હોય તેવી કોઈપણ પ્રવૃત્તિને ધર્મ નકારે છે. ધર્મ આ બાબતમાં બાંધછોડ કરવા તૈયાર નથી હોતો અને જે પળે ધર્મ આવી બાંધછોડ કરે છે, તે જ પળે તે ધર્મ મટી જાય છે. અને સંપ્રદાય બની જાય છે. તેજ પળે એવી બાંધછોડ સ્વીકારનાર વ્યક્તિ ધાર્મિક નથી રહેતી, સાંપ્રદાયિક બની જાય છે.

જ્યાં ધર્મ છે ત્યાં કયારેક બીજાની ગમે તેવી પ્રવૃત્તિ જોવાં છતાં લાગણી દુભાયાની ફરિયાદ નથી હોતી. ત્યાંતો બે જ વાત હોય છે, કાંતો તેને સમજાવવાનો પ્રયાસ અને કાં તો મધ્યસ્થભાવે તેની ઉપેક્ષા. આજે તો વાતવાતમાં આપણી ધાર્મિક લાગણી દુભાઈ જાય છે. કોઇક કાંઈ બોલ્યું. તો કહેશે, એના વિધાનથી મારી ધાર્મિક લાગણી દુભાઈ છે, મને વળતર મળવું જોઇએ. કોઈકે કાંઇક પ્રવૃત્તિ કરી, તો તરત કેસ માંડશે. મારી લાગણીને જફા પહોંચી છે ને તેથી થયેલું નુકશાન અવર્ણનીય છે, આટલો બદલો મળવો જોઇએ આપણામાં વકરેલી સાંપ્રદાયિકતાની આ નક્કર નિશાની ગણાય.

જે દિવસે ક્ષમા માગવા આવેલાને ક્ષમા આપવાનો ઈન્કાર કરનારને જોઇને આપણી લાગણી દુભાય. ધર્મના નામે ચાલતા ડીંડવાણાઓ અને થતા તોફાનોને જોઈને આપણી લાગણી ઘવાશે. તે દિવસે આપણે ધાર્મિકતાની દિશામાં એક કદમ આગે ઉઠાવ્યાનો સંતોષ લઈ શકીશું.

આવો સંતોષ કેવી રીતે મેળવાય તેની કેળવણી પર્યુષણના આ દિવસોમાં પામવાની છે. આ પર્યુષણ દરમ્યાન વધુ નહિ તોય, ધર્મ અને સંપ્રદાય વચ્ચેનો તફાવત સમજી શકીએ, તો પણ ઓછું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી અભયદેવસૂરિજી

શ્રી માલવ નામે દેશ. રાજધાની ધારાનગરી. તેમાં ભોજ નામે રાજા. નગરીમાં લક્ષ્મીપતિ નામે ગહાધનિક વસે. એક દિવસ તેને ત્યાં વેદ-વિદ્યાના વિશારદ શ્રીધર અને શ્રીપતિ–બે બ્રાહ્મણો આવ્યાં. તેના ગૃહની સન્મુખ ભીંતપર વીશ લક્ષ ટકાનો લેખ લખાતો હતો. પ્રતિદિન આ બ્રાહ્મણો તે જોતાં તેથી તેમને યાદ રહી ગયો.

એક દિવસ અગ્નિથી તે શ્રેષ્ઠીએ બધું ગુમાવ્યું તેથી ચિંતાતુર થઇ ગાલે હાથ દઈને બેઠો હતો ત્યારે તે બ્રાહ્મણો ત્યાં આવ્યાં. તેઓએ તેને ખેદનું કારણ પુછયું. શ્રેષ્ઠીએ ખેદનુ મુખ્ય કારણ લેખનો નાશ બતાવ્યું. વિપ્રોએ તરતજ તે લેખ કહી બતાવ્યો.

આ સમયમાં સપાદલક્ષ દેશમાં કચ્ચર્પુર નામે નગર હતુ. ભુવનપાલ નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં શ્રી વર્ધમાન નામે આચાર્ય હતા. તે આચાર્ય વિહાર કરતા ધારા નગરીમાં પધાર્યા. લક્ષ્મીપતિ શેઠ બંને બ્રાહ્મણોને લઇને ગુરુ મહારાજને વંદન કરવા ગયો, સર્વ અભિગમ પૂર્વક આચાર્યને પ્રણામ કરી શેઠ ઉચિત સ્થાને બેઠો તેવામાં આચાર્યે શ્રેષ્ઠ લક્ષણ યુક્ત વિપ્રોની આકૃતિ જોઇ કહ્યું, "તેમની અસાધારણ આકૃતિ સ્વ-પરને જીતનારી છે. જાણે પૂર્વ ભવના સંબંધી હોય તેમ બન્ને વિપ્રો અનિમેષ લોચનથી ગુરુ સામે જોઇ રહ્યા.

ગુરૂએ તેમને વ્રત-યોગ્ય સમજી દીક્ષા આપી. તપના નિધાન એવા તેમને યોગના વહન પૂર્વક સિદ્ધાંતોનો અભ્યાસ કરાવ્યો. પછી સૂરિપદ પર સ્થાપન કર્યા

જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગર સૂરિ એવા નામથી પ્રસિદ્ધ થયા. પછી તેમને વિહાર માટે અનુજ્ઞાં આપી. તેઓ પાટણ આવ્યા. ત્યાં ચૈત્ય વાસી આચાર્યો સુવિહિત સાધુઓને રહેવા ન દેતાં. તેથી ગુરૂએ તેમને શિખ આપી-તમારે શક્તિ અને બુદ્ધિથી તેનું નિવારણ કરવું. હળવે હળવે તેઓ પાટણમાં પહોંચ્યા. ત્યાં સારા ગીતાર્થના પરિવાર સહિત ઘરે ઘરે ભમવા લાગ્યા પણ શુદ્ધ ઉપાશ્રય ન મળ્યો. ત્યારે ગુરૂ-વચન યાદ આવ્યું.

ત્યાં દુલર્ભરાજ નામે રાજા હતો. તેને સોમેશ્વર દેવ નામે પુરોહિત હતો. સૂર્ય સુતની જેમ તે બંને આચાર્યો તેના ઘેર ગયા. તેમણે ત્યાં સંકેત પૂર્વક વેદનો ઉચ્ચાર કર્યો. પુરોહિત ધ્વનિના ધ્યાનમાં સ્તંભાઇ ગયો. ભક્તિપૂર્વક બોલાવી લાવવા, પોતાના બંધુને મોકલ્યો. બન્ને આચાર્યો ઘરમાં આવ્યા. પુરોહિત વિચારવા લાગ્યો, "આ શું બ્રહ્મા પોતાના બે રૂપ કરી મને દર્શન દેવા આવેલ છે?" પછી તેણે ભદ્રાસન બેસવા આપ્યું પણ તેઓ પોતાના શુદ્ધ કંબલ પર બેઠા. "વિશ્વને જે જાણે છે, પણ તેને કોઈ જાણતું નથી એવા અરૂપી શિવ તેમજ જિનેશ્વર તમારૂં રક્ષણ કરો" એવા આશીર્વાદ આપ્યા. પૂનઃ જણાવ્યું, વેદ અને જૈન આગમનો અર્થ સમ્યક્ પ્રકારે જાણીને, અમે દયામાં અધિક એવા જૈન ધર્મનો સ્વીકાર કર્યો છે. "ત્યારે પુરોહિતે તેમને રહેવા માટે મકાનનો ઉપલો ભાગ કાઢી આપ્યો."

ત્યારબાદ ચૈત્યવાસીઓ આવ્યા. તેમણે કહ્યું સત્વર નગર બહાર ચાલ્યા જાઓ, કારણ કે ચૈત્ય-બાહ્ય શ્વેતાંબરોને અહીં સ્થાન મળતુ નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુરોહિતે તુરતજ કહ્યું, "ગજસભામાં એ વાતનો નિર્ણય કરવાનો છે."

આથી પ્રભાતે તેઓ બધા રાજા પાસે ગયા. પુરોહિત પણ ત્યાં આવ્યો. તેણે જણાવ્યું, "હે દેવ! એ જૈન મુનિ પોતાના પક્ષમાં સ્થાન ન પામતા મારે ઘેર આવ્યા. એટલે ગુણ ગ્રાહકપણાથી મેં તેમને મારા ઘેર આશ્રય આપ્યો. ચૈત્યવાસીઓ એ માટે ત્યાં આવ્યા. આ બાબતમાં મારી કંઈ ગફલત કે અનુચિતતા થઈ હોય તો આપ મને ઉચિત દંડ કરો."

આ સાંભળી રાજાએ કહ્યું, "કોઈ પણ દેશથી આવેલ ગુણીજનો મારા નગરમાં રહે, તેનો તમે શા માટે અટકાવ કરો છો'

તેમણે વનરાજના સમયની વાત કરી. "આપે પણ આ વાત માન્ય રાખવી પડે."

ત્યારે રાજાએ કહ્યું, "પૂર્વ રાજાઓના નિયમને અમે દઢતાથી પાળીએ છીએ. પણ ગુણીજનોની પૂજાનું ઉલ્લંઘન અમે કરવાના નથી" તેઓએ પણ તે કબૂલ રાખ્યુ.

પુરોહિતે કહ્યું, "હે સ્વામિન્! તેમના આશ્રય માટે આપ નિવાસ ભૂમિ આપો." જ્ઞાનદેવ નામના શૈવ દર્શનના પુરુષે તે વાતને ટેકો આપ્યો. ભૂમિ મળી અને પુરોહિતે ઉપાશ્રય કરાવ્યો. ત્યારથી વસતિ (ઉપાશ્રય)ની પરંપરા ચાલુ થઈ.

બુદ્ધિસાગરસૂરિએ આઠ હજાર શ્લોક પ્રમાણ બુદ્ધિસાગર નામનુ નવુ વ્યાકરણ રચ્યું.

ત્યારબાદ વિહાર કરતાં શ્રી જિનેશ્વરસૂરિ પુનઃ ધારામાં આવ્યા. ત્યાં મહીધર નામે શ્રેષ્ઠી હતો. ધનદેવીથી ઉત્તપન્ન થયેલ અભયકુમાર નામે પુત્રને લઇ મહારાજને વંદન કરવા આવ્યો. ગુરુના ઉપદેશથી તેને વૈરાગ્ય ઉત્તપન્ન થયો. તેથી માતપિતાની અનુમતિ લઇ દીક્ષા ગ્રહણ કરી. તે મહા ક્રિયાનિષ્ઠ બન્યા. શ્રીસંઘ રૂપ કમળને વિકાસ પમાડવામાં ભાસ્કર સમાન શોભવા લાગ્યા. શ્રી વર્ધમાનસૂરિના આદેશથી શ્રી જિનેશ્વરસૂરિએ ગુણના નિધાને એવા તે મુનિને આચાર્ય પદવી આપી તેમનું નામ શ્રી અભયદેવસૂરિ રાખ્યું. વિહાર કરતા અભયદેવસૂરિ પલ્યપદ્ર નગરમાં આવ્યા. ત્યાં શ્રી વર્ધમાનસૂરિ અનશન લઈને સ્વર્ગે ગયા.

એવામાં તે વખતે દુર્ભિક્ષનો ઉપદ્રવ થતાં, દેશની દુર્દશાને લઇને સિદ્ધાંત તથા વૃત્તિનો ઉચ્છેદ થવા લાગ્યો. તેમાં જે કંઇ સૂત્ર રહ્યાં, તેમાં પ્રેક્ષાનિપુણ મુનિઓને પણ શબ્દાર્થ દુર્બોધ થઈ પડયો.

એકદા અર્ધરાત્રે ધર્મધ્યાનમાં સાવધાન અને મગ્ન રહેલા શ્રી અભયદેવે મુનીશ્વરને નમસ્કાર કરીને શાસનદેવી કહેવા લાગી, "પૂર્વ નિર્દોષ એવા શ્રી શીલાંગકોટિ (શીલકોટી) નામના આચાર્યે અગિયાર અંગની વૃત્તિ બનાવી છે. તેમાં કાલને લઈને બે અંગ વિના બધા વિચ્છેદ ગયા છે. માટે સંઘના અનુગ્રહથી હવે તેની વૃત્તિ રચવાનો ઉદ્યમ કરો."

ત્યારે આચાર્ય બોલ્યા, "હે માતા! હું અલ્પમતિ જડશુ માત્ર છું, શ્રી સુધર્મા સ્વામીએ બનાવેલ ગ્રંથો જોવાની પણ મારામાં બુદ્ધિ નથી. એવા અજ્ઞપણાથી કયાંક ઉત્સૂત્ર કહેવાઈ જાય. તો મહાપાપ લાગે. પ્રાચીન આચાર્યોએ તેવા પાપનું ફળ અનંત સંસારનુ ભ્રમણ બતાવેલ છે. વળી તમારી વાણી પણ અલંઘનીય છે. માટે, આદેશ કરો, હુ શું કરૂં?" એમ મનની વ્યામૂઢતાથી કંઇક ઉત્તર સાંભળવાની ઇચ્છાથી મૌન રહ્યા.

એવામાં દેવી કહેવા લાગી, "હે સુજ્ઞ શિરોમણિ! સિદ્ધાંતના અર્થ વિચારમાં હુ વિના ચિંતાએ કહુ છું કે તમારામાં યોગ્યતા છે-એમ હું માનુ છું. કદાચ સદેહ પડે તો મને પૂછજો, હું સીમંધરસ્વામી પાસે જઇને તે પૂછી આવીશ ધીરજ ધરી પ્રારંભ કરો. સ્મરણ માત્રથી હું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહીં આવીને હાજર થઈશ, આ સંબંધમાં આપણા ચરણના શપથ લઉં છું."

તે સાંભળી અભયદેવ સૂરિએ તે દુષ્કર કાર્ય સ્વીકાર્યું. અને ગ્રંથ સંપૂર્ણ થાય ત્યાં સુધી આયંબિલ કરવાની પ્રતિજ્ઞા લીધી. પછી નવે અંગની વૃત્તિઓ તેમણે વિના કલેશે સંપૂર્ણ કરી. તે વૃત્તિઓને વૃદ્ધ મહાશ્રુતધરોએ શુદ્ધ કરી એટલે શ્રાવકોએ તે પુસ્તકોનું લેખન શરૂ કરાવ્યું. એક વખત શાસન દેવીએ એકાંતમાં અભયદેવસૂરિને જણાવ્યું, "હે પ્રભો ! પ્રથમ પ્રતિ મારા દ્રવ્યથી કરાવજો" એમ કહી પોતાની જ્યોતિથી દૃષ્ટિ તેજને આંજી ત્યાં એક સુવર્ણ ભૂષણ મૂકીને દેવી અદૃશ્ય થઈ ગઈ.

શ્રાવકો દ્વારા ભીમ રાજા આગળ આભૂષણ મૂકવામાં આવ્યું.

રાજાએ કહ્યુ, "તે તપસ્વી વિના એનું મૂલ્ય ન થાય અને મૂલ્ય વિના હું લઈ શકું તેમ નથી.'

શ્રાવકોએ જણાવ્યુ, "હે સ્વામિન્ ! તેનું મૂલ્ય આપના મુખેજ થશે. જે આપો તે અમને પ્રમાણ છે" રાજાએ ભંડારી પાસે તેમને ત્રણ લાખ દ્રમ્મ ટકા) અપાવ્યા. તેના પુસ્તકો લખાવી, આચાર્ય મહારાજને અર્પણ કર્યા.

સંયમ યાત્રા નિમિત્તે આચાર્ય ધવલક નગરમાં પધાર્યા. એવામાં આયંબિલનું તપ કરતાં. રાત્રે નિરંતર જાગરણ કરતાં, અને અતિપરિશ્રમથી તેમને દુષ્ટ રક્ત દોષ લાગુ પડ્યો. તે વખતે ઈર્ષાળુ લોકો કહેવા લાગ્યા," ઉત્સૂત્રના કથનથી કુપિત થયેલા શાસનદેવોએ એ વૃત્તિકારને કોઢ ઉત્પન્ન કર્યો છે"

એ સાંભળીને શોકથી વ્યાકુળ થયેલા અને પોતાના અંતરમાં પરલોકને ઇચ્છતા એવા તેમણે રાત્રે ધરણેન્દ્રનું ધ્યાન કર્યું. ત્યાં સત્ય કસોટીના પાષાણ તુલ્ય એવા તેમણે સ્વપ્નમાં પોતાના દેહને ચાટતા નાગેન્દ્રને જોયો. તેથી તેમણે વિચાર કર્યો, "કાલરૂપ આ વિકરાલ સર્પે મારા શરીરને ચાટેલ છે. તેથી મારૂં આયુષ્ય ક્ષીણ થયું લાગે છે. તેથી અનશન આદરવું જ યોગ્ય છે." બીજે દિવસે સ્વપ્નમાં ધરણેન્દ્રે આવીને કહ્યું, મેં તમારા દેહને ચાટીને રોગને દૂર કર્યો છે."

ત્યારે ગુરૂએ કહ્યું, મૃત્યુના ભયથી મને ખેદ થતો નથી પરંતુ રોગને લીધે પિશુન લોકો જે અપવાદ બોલે છે તે મારાથી સહન થઇ શકતું નથી."

ધરણેન્દ્રે કહ્યું, "એ બાબતમાં તમારે અધીરાઈ–ખેદ ન કરવો. હવે આજે દીનતા તજીને, જિનબિંબના ઉદ્ધારથી તમે એક જૈન પ્રભાવના કરો. શ્રી કાંતાનગરીના ધનેશ શ્રાવક, વહાણ લઇને સમુદ્ર માર્ગે જતાં, તેના વહાણને ત્યાંના અધિષ્ઠાયક દેવતાએ સ્તંભેલું હતું. તેથી શ્રેષ્ઠીએ તેની પૂજા કરતાં, તે વ્યંતરે વેપારીને આપેલ ઉપદેશથી તે ભૂમિમાંથી ભગવંતની ત્રણ પ્રતિમા બહાર કઢાવી એક પ્રતિમા ચારૂપ ગામમાં સ્થાપન કરી—તેથી તે તીર્થ બન્યું. બીજી પાટણમાં બિંબવૃક્ષના મૂળમાં સ્થાપન કરી, અરિષ્ટનેમિની પ્રતિમા પ્રાસાદમાં સ્થાપન કરી. ત્રીજી પ્રતિમા સ્તંભન ગામમાં સેટિકા નદીના તટ પર વૃક્ષઘટાની અંદર ભૂમિમાં સ્થાપન કરેલ છે તે શ્રી પાર્શ્વનાથની પ્રતિમાને તમે પ્રગટ કરો, કારણ કે ત્યાં એ મહાતીર્થ થવાનું છે. વળી પૂર્વ વિદ્યા અને રસ સિદ્ધિમાં ભારે પ્રવીણ નાગર્જુને ભૂમિમાં રહેલ બિંબના પ્રભાવથી રસનું સ્તંભન કર્યું છે. તેથી તેણે ત્યાં સ્તંભક નામનું ગામ સ્થાપન કરેલ છે, તેથી તમારી પણ પવિત્ર કીર્તિ અચળ થશે. વળી ક્ષેત્રપાલની જેમ શ્વેત સ્વરૂપથી તમારી આગળ, અન્યજનોને જોવામાં ન આવે તેમ એક દેવી ત્યાં માર્ગ બતાવનાર રહેશે." એ પ્રમાણે કહી ધરણેન્દ્ર અંતર્ધાન થઈ ગયા.

આચાર્યે રાત્રિનો અદ્ભુત વૃતાંત શ્રીસંઘને કહ્યો. ધાર્મિકજનો યાત્રાએ જવા ને તૈયાર થયા. અને નવસેં ગાડાઓ ત્યાં ચાલતા થયા. શ્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંઘના આગ્રહથી આચાર્ય મહારાજ આગળ ચાલવા લાગ્યા. જ્યારે સંઘ સેઢ઼ી નદી કિનારે આવ્યો ત્યારે બે વૃદ્ધ અશ્વો અદૃશ્ય થઈ ગયા. તે નિશાનીથી સંઘ ત્યાં રહ્યો. આચાર્ય મહારાજે આગળ જઈ ગોવાળોને પૂછયું, "અહીં તમારે કંઇ પૂજનીય છે?" ત્યારે એક ગોવાળે કહ્યું, "હે પ્રભો! પાસેના ગામમાં મહીણલ નામે મુખ્ય પટેલ છે તેની કાળી ગાય અહીં આવે છે અને પોતાના સર્વ આંચળથી દૂધ ઝરે છે" એમ કહીને આચાર્યને ક્ષીર બતાવ્યું. એટલે પાસે બેસીને તે પ્રાકૃત ગાથાઓથી શ્રી પાર્શ્વનાથનું સ્તોત્ર કહેવા લાગ્યા. 'જયતિહુયણ' ઇત્યાદિ બત્રીશ ગાથાઓનું સ્તવન તેઓ બોલ્યા. તરતજ શ્રી પાર્શ્વનાથ ભગવતનું તેજસ્વી બિંબ પ્રગટ થયું. સંઘ સહિત આચાર્ય મહારાજે તેમને વંદન કર્યું. તેથી સમસ્ત રોગ દૂર થયો તેમનો દેહ કનક સમાન તેજસ્વી ભાસવા લાગ્યો પછી ભાવિક શ્રાવકોએ ગંધોદક બિંબને ન્હરાવીને, કર્પૂરાદિકના વિલેપનથી પૂજા કરી. પછી પડદાથી તેના પર છાયા કરી પછી શ્રીસંઘે અનિવારિત દાનશાળામાં બધા ગ્રામ્યજનોને ભોજન કરાવ્યું. પછી શ્રાવકોએ દ્રવ્ય એકઠું કર્યું. એક લક્ષ દ્રવ્ય થઇ ગયું. ગ્રામ્યજનોએ ભૂમિની અનુમતિ આપી. આમ્રેશ્વર અને બુદ્ધિનિધાન મહિષ નામના કારીગરોને બોલાવ્યા થોડા સમયમાં ચૈત્ય તૈયાર થઈ ગયું. પછી શુભ મુહૂર્તે આચાર્ય મહારાજે ત્યાં બિંબની પ્રતિષ્ઠા કરી તે રાત્રે ધરણેન્દ્રે આવીને આચાર્યને જણાવ્યું," મારા વચનથી તમે એ સ્તવનમાંથી બે ગાથા ગોપવી દ્યો; કારણ કે કેટલાક પુણ્યહીન જનોને માટે પ્રત્યક્ષ થવું પડશે." તેના આદેશથી અદ્યાપિ તે સ્તુતિ ત્રીશ ગાથાની છે. તે ભણતાં ગણતાં પુણ્યશાળી જનોનાં ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ થાય છે.

તે પછી આઠ વર્ષે શ્રી નેમિનાથના તીર્થમાં ગૌડ દેશના આષાડ નામના શ્રાવકે ત્રણ પ્રતિમા કરાવી.

શ્રીમાન્ જિનેશ્વરસૂરિ તથા શ્રી બુદ્ધિસાગર સૂરિ ચિરકાળ આયુષ્ય પાળી પ્રાંતે અનશન કરી સ્વર્ગે ગયા, વળી શ્રીમાન્ અભયદેવસૂરિ શાસનની પ્રભાવના કરતા અને ચરણો પાસનાથી શોભતા કર્ણ રાજાની રાજધાની પાટણમાં યોગનિરોધથી વાસનાને પરાસ્ત કરી ધર્મધ્યાનમાં એકતાન લગાવી દેવલોકે ગયા.

'શ્રી પ્રભાવક ચરિત્ર'માંથી
લે. શ્રી પ્રભાચન્દ્રસૂરિજી

# સાભાર સ્વીકાર

૧ 'જય મહાવીર' મહાકાવ્ય
લેખક : **માણેકચન્દ રાયપુરિયા**

૨ આયુર્વેદિક ધરતીને ધાવણ
લેખક : **બાળકૃષ્ણ વૈદ્ય,** પ્રેષક : **રમણીકલાલ ભોગીલાલ શેઠ**

૩ અધ્યાત્મ મન પરીક્ષા
લેખક : **યશોવિજયજી,** પ્રેષક : **મુ. ધર્મવિજયજી અમદાવાદ,**

ઉપર્યુક્ત પુસ્તકો સભાને ભેટ મળતાં સભા તેમનો આભાર માને છે.

**લી. શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બંધ સમયે ચેતીએ

લે. રતિલાલ માણેકચંદ શાહ-નડીઆદ

પ્રત્યેક પ્રાણી જીવનમાં સુખ અને શાંતિ શોધતો હોય છે; અને તે માટે તેને એકાંતની જરૂર ઉપસ્થિત થાય છે, કારણ કે આત્મા સ્વ-સ્વરૂપે અભેદ અને એક છે. તેને અન્ય પદાર્થો સાથે કોઇ સંબંધ નથી, તે પોતાના ગુણોથી પરિપૂર્ણ છે એટલે અન્યના સહારાની જરૂર પડતી નથી. અને આપણું સ્વરુપ પણ તેજ છે; પરંતુ આપણે અજ્ઞાનતાને વશવર્તી અન્ય પદાર્થોમાંથી શાંતિ અને સુખ મેળવવા પ્રયત્નશીલ રહીએ છીએ; જેથી શાંતિ તો મળતી નથી પણ અશાંતિ ઉભી કરતા હોઇએ છીએ અને નવા બંધનોમાં ફસાતા હોઇએ છીએ, અને તેથી જ સંસારમાં આવન જાવન કરતાં અનંતા દુઃખો અને અશાંતિ ભોગવીએ છીએ. આપણે શાંતિ માટે એકાંતમાં ગમે ત્યાં જઇએ પણ ત્યાં સંકલ્પો અને વિકલ્પોની ગૂંથણીજ ગૂંથ્યા કરતા હોઈએ છીએ. કારણ કે આપણી દૃષ્ટિ બાહ્ય છે, અને પર પદાર્થો કદી પણ શાંતિ કે સુખ આપી શકે જ નહિ કારણ કે તે પરિવર્તનશીલ અને અસ્થિર છે. જેનામાં શાંતિ કે સુખ નથી તે તમને શાંતિ ક્યાંથી બક્ષી શકે? કેવળ કલ્પના દ્વારા આપણે માની લઈએ છીએ કે આને મને શાંતિ અને સુખ આપ્યું અને આને મને દુઃખ તેમજ અશાંતિમાં ધકેલ્યો; કેવળ આ મનની ભ્રમણા જ છે મિથ્યાદૃષ્ટિ છે. કોઈ કોઈનું કાંઇ કરી શકે નહિ. શાસ્ત્રોનો એ નિચોડ છે કે નિશ્ચયે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ તો પર પદાર્થ તો કરીજ શું શકે? જ્યારે કર્મના વિપાક રુપે આપણી બાહ્ય દૃષ્ટિ હોવાથી સુખ-દુઃખ જણાય ત્યારે નિમિત્તરૂપે કોઈ હાજર હોય તેથી આપણી દૃષ્ટિ નિમિત્તો પર જાય છે પણ મૂળમાં જતી નથી જો કર્મો જ ઉપાર્જન ન કરીએ તો સુખ-દુઃખ આપે જ કોણ? આપનાર તો નિમિત્ત માત્ર છે તેમ વિચારવું આવશ્યક છે, જેથી રાગ-દ્વેષ થાય નહિ અને નવા કર્મોનો આવિર્ભાવ થાય નહિ, "બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા માટે ઉચાટ?"

શાંતિ અને સુખ તો આપણા આત્મામાં છલોછલ ભરેલા પડેલા જ છે જરૂર છે તેને જોવાની, મેળવવાની, અને તે શાંતિ અને સુખ છે પણ અક્ષય કદી તેનો નાશ થતો નથી. માટે તે મેળવવા પ્રયત્નશીલ બનીએ. સાચો આનંદ તો કોઇ પણ પરિસ્થિતિમાં શાંત સ્વરૂપે એક અને અખંડ રસ રૂપે પ્રવર્તમાન છે.

આપણી દૃષ્ટિ બહાર હોવાથી, લોકોના અભિપ્રાય પર જીવન વ્યતીત કરીએ છીએ, પરંતુ તે અભિપ્રાયો તો બદલાયાજ કરવાના, તેથી તેને સાચા અભિપ્રાયો માની શકાય નહિ, તેનો ભોગવટો મોહ-માન-માયા પર રચાયેલો છે જે પરિવર્તન શીલ છે એટલે તેના પર સ્થિર અભિપ્રાય બાંધી શકાય નહિ, તેને તો લાલસાઓ અને વાસનાઓજ કહી શકાય. તે તો તજવા યોગ્ય છે 'હું' આત્મા સિવાય અન્ય કાંઈજ નથી એમ વિચારવું હિતાવહ છે અને તે લક્ષે પુરૂષાર્થ આચરવો યોગ્ય છે: જેથી સાચી શાંતિ અને સુખનો આવિષ્કાર થાય છે. શાંતિ અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુખ પ્રાપ્ત કરવાનો આજ સાચો રાહ છે, જે અંતે મંઝિલે પહોંચાડે છે.

માનવીની પ્રત્યેક મથામણ સુખ અને શાંતિ મેળવવા માટેની જ હોય છે, છતાં સુખ શું છે, કેવું છે, ક્યાં છે? તેની તેને ખબર નથી એટલે તે મેળવવા જ્યાં ત્યાં ઝાંવા નાખે છે અને અજ્ઞાનતાને વશવર્તી સુખને બદલે દુઃખનો અનુભવ કરે છે. તો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે સાચું સુખ ક્યાંથી પ્રાપ્ય બને? તે મેળવવા શું કરવુ જોઈએ?

હવે જો આપણે ખરેખર અક્ષય સુખ શાંતિ અને આનંદનો આવિષ્કાર કરવા માંગતા હોઇએ તો તે જ્યાં છે; ત્યાં તેને શોધવું જ રહ્યું અને તે તો આત્મામાં છલોછલ ભરેલું પડયું જ છે. બહારમાં તેને ઢુંઢવાની કોઈ જરૂર નથી અને બહારમાંથી તે મળવાનું પણ નથી. તે આત્માના જ ગુણો છે અને ગુણ, ગુણીને અભેદભાવ હોય છે એનો અર્થ એ થયો કે આત્મા અજ સુખ-શાંતિ અને આનંદમય છે, માટે તેને ઓળખો, ત્યાંથી મેળવો, જે અક્ષય છે તે સુખ પ્રગટ થયા પછી કદી નાશ પામતું નથી, આત્માને આત્માથી ઓળખવા માટે પ્રથમ આપણે શાસ્ત્રોમાં અંકિત થયેલ અને વીતરાગ પ્રભુએ પ્રરૂપેલ તત્ત્વોને જેમ છે તેમ જાણવા પડશે, શ્રદ્ધવા પડશે, આચરવા પડશે. પ્રભુએ પ્રરૂપેલ અને ગણધરોએ શાસ્ત્રોમાં ગૂંથેલ શાસ્ત્રોમાં અંકિત કરવામાં આવ્યું છે કે, 'તારો આત્માજ અખંડ આનંદ, જ્ઞાન અને સુખમય છે માટે તેને ત્યાંથી મેળવ, બહારમાં ક્યાંય સુખશાંતિ નથી, કદાચ સુખાભાસ થાય પણ તેથી અર્થ સરે તેમ નથી. સુખ, શાંતિ સ્વસ્વરૂપમાં સમાયેલા છે; માટે તેનું અનુસંધાન કરું, તે મેળવવા ચિંતવન કરું, અને તેમ કર્યા બાદ એ નિષ્કર્ષ કરવો જરૂરી છે કે હું તો સચ્ચિદાનંદ કેવળ આત્માજ છું આ સંયોગે મળેલ શરીર તે હું નહિ તો બાહ્ય પદાર્થો મારા ક્યાંથીજ હોઈ શકે? તે પ્રત્યેક મારાથી પર છે. તેઓની સાથે મારે કોઈ નિસ્બત નથી. આમ નિશ્ચય કરવો તેના પરથી દૃષ્ટિ ઉઠાવી લેવી અને તે દૃષ્ટિ સ્વમાં સ્થિર કરવી. જેથી અક્ષય સુખનો આવિષ્કાર થાય અને સંસારના પ્રત્યેક દુઃખોનો અંત આવે અને જન્મ-મરણના દુઃખપ્રદ ફેરા ટળે. પ્રત્યેક પ્રાણીઓનું વાસ્તવિક સ્વરૂપ સ્વાત્માજ છે; તેજ ભગવાન છે; તેનું પ્રગટીકરણ કરવાનું છે. આત્માના ગુણો જ્યારે વિકાસ પામે છે અને પુરુષાર્થથી તે રાહ પર આત્મા જ્યારે આગળ વધે છે ત્યારે પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યા સિવાય રહેતો નથી તેને જ પૂર્ણતા કહેવાય છે તેજ જીવન મુક્ત દશા છે જ્યારે કેવળજ્ઞાન જ રહે છે; ત્યારે તે પ્રભુ બની જાય છે.


પરંતુ આપણે સાંપ્રત કાળમાં મિથ્યાત્વને વશવર્તી, વિભાવ દશામાં આળોટતા હોઇ, રાગ-દ્વેષ, વિષય-કષાયો, આકુળતા વ્યાકુળતા, મોહ, માન, માયા, લોભ, લાડી-વાડી-ગાડી, બાગ-બગીચા, અમન-ચમનાદિમાં ચોવીસે કલાક રચ્યા પચ્યા રહીએ છીએ અને સુખ દુઃખનો અનુભવ કર્યા કરીએ છીએ, તો પ્રથમ આપણે એ નક્કી કરવું જોઇએ કે દેહ તેમજ પરપદાર્થોથી ભિન્ન આત્મા છું, મારું સાચું સ્વરૂપ તેજ છે; હું વિશ્વના પ્રત્યેક પદાર્થોથી પર છું. મારે તેની સાથે કોઈ નિસ્બત નથી. હું મારા ગુણોથી પરિપૂર્ણ છું; તેમાં કોઇ કાળે કાંઈ પણ ફેરફાર થતો નથી હું અખંડ આનંદ, જ્ઞાન, સુખમય આત્માજ છું. પ્રત્યેક વ્યક્તિ આટલું સમજીને જીવનમાં ઉતારે અને તેનો અનુભવ કરે તો કેવળ આનંદ, સુખ, શાંતિ સિવાય અન્ય અનુભવ થાય નહિ પછી ભલે ગમે તેટલા ઉપસર્ગો સહન કરવા પડે, દુઃખના ડુંગરા તૂટી પડે કે, મૂસળધાર વર્ષા વર્ષે કે ભયંકર અગ્નિ ચોમેર ફરી વળે, તો પણ તત્ત્વજ્ઞ સ્વસ્વરૂપમાં સ્થિર રહે છે. પોતાના સ્વરૂપમાં જેમ જેમ સ્થિત થતાં જવાય છે, તેમ તેમ દેહ પરની દૃષ્ટિ લુપ્ત થતી જાય છે, સ્વસ્વ-

( અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જૈન આત્માનંદ સભાના મો. ઉપપ્રમુખ સાહેબ શ્રી પોપટલાલ રવજીભાઈ સલોતનું તા. ૧૩-૯-૮૬ શનીવારના રોજ દુઃખદ શોકજનક નિધન થતાં શ્રી જૈન આત્માનંદ સભાની વ્યવસ્થાપક સમીતીની એક મીટીંગ સં. ૨૦૪૨ ભાદરવા શુદ ૧૨ ને સોમવાર તા. ૧૫-૯-૮૬ના રોજ તેઓશ્રીને શોકાંજલી અર્પવા મળી હતી. જેમાં મો. પ્રમુખશ્રીએ નીચે મુજબ શોક ઠરાવ રજુ કર્યો હતો. જે સર્વ હાજર સભ્યોએ બે મીનીટનું મૌન પાળી સર્વાનુમતે પસાર કર્યો હતો.

## ‘ઠરાવ’

આપણી સભાના માનનીય ઉપપ્રમુખશ્રી તથા આપણી સભાના મુખપત્ર ‘શ્રી આત્માનંદ પ્રકાશ’ના તંત્રી શ્રી પોપટલાલ રવજીભાઈ સલોતનું તા. ૧૩-૯-૮૬ના રોજ થયેલ દુઃખદ નિધન બદલ આજની સભા અત્યંત ઘેરા દુઃખની લાગણી અનુભવે છે. અને ઘેરો શોક પ્રદર્શીત કરે છે.

## સ્વ. પોપટલાલ રવજીભાઇ સલોત

સ્વ. શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત આપણી સભાના મંત્રી, ઉપપ્રમુખ, તથા તંત્રી તરીકે છેલ્લા દશ વર્ષથી ખુબજ ખંતપૂર્વક સેવા આપી રહ્યા હતા.

તેઓશ્રી ભાવનગરમાં ચાલતી જીવદયાની પ્રત્યેક સંસ્થા સાથે તન, મન, ધનથી સેવા આપી જોડાતા હતા. તેમના નિધનથી આ જીવદયા ખાતાની આ સંસ્થાઓને ભારે મોટી ખોટ પડી છે.

શિક્ષણ ક્ષેત્રે પણ તેઓશ્રીની અપૂર્વ સેવા ખુબ્જ જાણીતી છે.

તેઓશ્રીની ધર્મ ભાવના ખુબજ ઉંચા પ્રકારની હતી; પ.પૂ. ગણીવર્યશ્રી દાનવિજયજી આદિ મુનિ ભગવંતોની નિશ્રામાં ભાવનગરથી શત્રુંજયનો છ’રી પાલતો સંઘ કાઢી તિર્થંકર નામ કર્મ બંધાઇ તેવી તીર્થમાળા પરીધાન કરી હતી,

આપણી સભાના છેલ્લા વર્ષોમાં પ્રકાશીત થયેલ ગ્રંથો, પુસ્તકો, વિગેરે પ્રકાશનોમાં તેમનો ખુબજ ઉમદા ફાળો હતો.

તેઓશ્રી સાધર્મીક બંધુ ઉપર અપાર પ્રેમ રાખતા હતા અને તેઓની ગુપ્ત સેવા ખુબજ પ્રસંશનીય અને અનુકરણીય છે,

તેઓશ્રીનો સૌજન્ય શીલ સ્વભાવ તથા સભ્યો સાથેનો પ્રેમ ભર્યો વર્તાવ ચીરસ્મરણીય છે.

તેઓશ્રી ક્ષણનો પણ પ્રમાદ ન થાય તેવા જાગૃત હતા

તેઓશ્રીના કુટુંબીજનો ઉપર આવી પડેલ આ દુઃખ સહન કરવાની પરમ કૃપાળુ શાસનદેવ પાસે પ્રાર્થના તથા આ દુઃખમાં આજની સભા ઉંડી સમવેદના જાહેર કરે છે.

શાસનદેવ તેઓશ્રીના આત્માને ચીર શાન્તિ અર્પે એજ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસા જ જૈન ધર્મ છે :

લે. શાસ્ત્રી રમેશ લાલજી ગાલા

જીવનમાં પરમ શાંતિનો સ્થાન ત્યારે જ મેળવી શકાય કે જ્યારે આ ભુમિ ઉપર અહિંસામય જીવન જીવાય. સ્વીકારો કે ન સ્વીકારો જેટલી હિંસા તેટલી ઊપાધિ જીવનમાં વધવાની જ છે. પછી ભલે રાજા હોય કે રંક, ઈંદ્ર હોય કે સામાન્ય દેવ ત્યાગી હોય કે સંસારી. સર્વ જીવો કર્માધીન છે. શાસ્ત્રમાં ચોખ્ખું બતાવેલું છે કે કર્મસતા કોઇને છોડતી નથી બધા જીવો કર્મ પાછળ જ ચાલે છે. જેમ કર્મ નચાવે તેમ જીવને નાચવું પડે છે. આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ કે એક જ માતાપિતાના દિકરાઓમાંથી કોઇક લાખોપતિ તો કોઈ અબજોપતિ તો વળી કોઇ સાવ નબળો ભિખારી જેવો, આમ કેમ?

કારણ કે કોઈ પણ જીવ જન્મતાની સાથે પૂર્વે કરેલા શુભાશુભ કર્મોનો ભોક્તા બની જાય છે અને એ કર્માનુસારે જ સુખદુઃખ ભોગવે છે.

નારક. તિર્યંચ મનુષ્ય અને દેવ આ ચાર ગતિઓમાં માનવીની ગતિ ઊત્તમોત્તમ છે. કારણ કે અનંત પુન્યરાશિ એકઠી થાય ત્યારે આ મહામુલો માનવ જીવનની પ્રાપ્તિ થાય છે. એ માનવ જીવનને જો સમજ્યા વિના જવા દઇશું તો બીજીવાર એ મળવું દુર્લભ થઇ પડશે. એટલે જ મહાનુભાવોને કહેવું પડે છે કે દુલહો એસ માણુસો જન્મ । આ માનવ જીવન જન્મ દુર્લભ છે. આપણે આ બધું સમજીએ છીએ, શાસ્ત્રાનુસાર થોડી ઘણી ધર્મકરણી–દાન વગેરે કરીએ છીએ. આગળ જતાં તીર્થ સંઘો પણ કાઢીએ છીએ પણ માનવ જીવન સાર્થક કરવા માટે બીજા જીવોને માટે આપણે શું કરીએ છીએ?

વ્હાલા બંધુઓ ધ્યાન રાખજો, ચેતજો, વિચારજો જ્યાં સુધી પારકા દુઃખને જોઇશું નહિ અને પોતાનું સુખ વધે તેમ કરશું તો ચોક્કસ એક વખત પટકાવું પડશે. આપણે કદાચ એમ માનતા હોઇશું કે સત્પાત્રમાં આપેલું દાન જ ગુણકારી છે પણ ના માનવ સેવા એ જ પ્રભુ સેવા છે આપણે એ પણ સમજીએ છીએ કે કોઈને દુઃખ ગમતું નથી તો આપણી સામે આજે માનવ જીવન પામ્યા છતાં કેટલા દુઃખી છે એનો કદિ વિચાર કર્યો છે? તીર્થોની યાત્રા કરાવવા છ'રી પાળતા સંઘો કે દેરાસરો બંધાવવા એ ખરો ધર્મ નથી પણ બીજાનું દુઃખ જોઇ પીગળી જવું એ જ સાચો ધર્મ છે. જૈન ધર્મ છે. આજે ભલે ત્યાગી ભગવંતો અહિંસાનો ઉપદેશ આપે પણ હું કહું છું કે જ્યાં સુધી પોતે સારી રીતે પાલન ન કરે ત્યાં સુધી કાંઈ ફરક પડવાનો નથી મારી માન્યતા પ્રમાણે આજનો ઉપદેશ ધતિંગ છે આજે બોલે છે એક આચરે છે બીજું મોહ–માયા–માન લોભથી ભરેલા આજના ત્યાગીઓનું ક્યારે પણ ઉપદેશ સાર્થક થશે નહિ. હા, પોતે આચરણ કરી ઊપદેશશે તો ચોક્કસ લાભદાયી થશે અને કાર્યો પણ સરળતાથી થઈ શકશે. પૂર્વાચાર્યો જે કાંઈ કરી ગયા છે એ નિસ્વાર્થ ભાવે કર્યું હતું. એમના વ્યાખ્યાનો હૃદયસ્પર્શી હતા. જ્યારે આજના વ્યાખ્યાનો ધનસ્પર્શી છે આટલો તફાવત જ્યાં હોય ત્યાં 'સવ્વે જીવ શાસન રસી" કેમ થઈ શકે? એનું અર્થ એ નથી થતો કે તીર્થસંઘો ન કાઢવા, દેરાસરો ન બંધાવવા, શાસ્ત્રો કહે છે કે ધર્મોન્નતિ કાર્યો અવશ્ય કરવા, પણ

(અનુસંધાન ટાઈટલ પેજ ૨ ઉપર)

---

(અનુસંધાન પાના ૧૭૨નું ચાલુ)

રૂપમાં રમમાણ રહેવાથી બાહ્ય પદાર્થો પરની દૃષ્ટિ દૂર થાય છે જેથી નવા કર્મો ઉપાર્જન થતાં નથી અને વિપાક રૂપે જે કર્મો આવે છે જે તેનું કામ પતાવી લુપ્ત થાય છે, પરંતુ દૃષ્ટિ તેના પર ન હોવાથી તે પ્રત્યે રાગ–દ્વેષ ઉદ્ભવતો નથી એટલે નવા કર્મો ઉપાર્જન થતાં નથી અને જુના કર્મો ખરતા જાય છે, જેથી સંવર નિર્જરા બન્ને સાથે છે, અને છેવટે મંઝિલે પહોંચાય છે.

For Private And Personal Use Only

## દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ઠી શ્લાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શ્લાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભુક્તી પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદત્તા આખ્યાન | ૮-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૭-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૬-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫ ૦૦ |
| ,, ,, ભાગ ૨ | ૩૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૨-૫૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંક: પાકુ બાઈન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબીન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧ ૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર ( સૌરાષ્ટ્ર )



કાર્યવાહક તંત્રી શ્રી હિંમતલાલ અનોપચંદ શાહ મોતીવાળા

શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.